જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૩/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૧૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૪ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૫ બીયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૨૦/૨૦૨૬**

સેટેલાઈટઃ અરવિંદભાઇ બેચરદાસ જ્વેલર્સ પ્રા.લી.વતી મયુરકુમાર રાજેન્દ્રકુમાર બારોટ (ઓફિસ:– સીધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષ શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફૂટ રીંગ રોડ સેટેલાઇટ) એ તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ, ૧૩૨ ફૂટ રીંગ રોડ સિધ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ, શિવરંજની ક્રોસ રોડ ખાતે અરવિંદભાઈ બેચરદાસ જ્વેલર્સ પ્રાઇવેટ લીમીટેડ (એ.બી. જ્વેલર્સ) ખાતે રખીયાલ અજોડા ડેરી રોડ ગ્રેવિટી ક્રોસ રોડ પાસે શ્રી ગણેશ એસ્ટેટ ગુજરાત બુલિયન રીફાયનરી લિમિટેડ (જી.બી.આર) ના ડિરેક્ટર આરોપી (૧) નિતીન જશવંતલાલ કંસારા (૨) જય નીતીનભાઈ કંસારા અને (૩) દિલિપકુમાર પટેલ નાઓએ ભેગામળી અરવિંદભાઇ જ્વેલર્સ પ્રા.લી. માંથી જુની ચાંદી રિફાઇન્ડ કરીને શુધ્ધ ચાંદી ઉત્પાદન કરવા માટે મેળવી લઇ, તે પૈકી શુધ્ધ ચાંદી ૩૩,૧૩૨ ગ્રામ અંદાજીત કિંમત રૂપિયા ૩૪,૦૦,૦૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૨૧/૨૦૨૬**

વેજલપુરઃ મુજમીલ સ/ઓ સાહીલ અબ્દુલરહેમાન શેખ (ઉ.વ.૨૭)(રહે.બાગે બદર સોસાયટી, ફેજાન રો–હાઉસ બાજુમા, જાંબુવાલા સોસાયટી સામે, ગોશીયા મસ્જીદ પાસે, ફતેવાડી) એ તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૬ રાતના ૧૦/૧૫ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની બાજુમા આવેલ બારીના સ્લાઈડર ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૪૨૨/૨૦૨૬**

ચાંદખેડાઃ મીનાબહેન વા/ઓ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૪૩) (રહે.નિહાર નીલીયમ સ્વસ્તિક સ્કુલની બાજુમા સ્નેહપ્લાઝા ચાંદખેડા) તા.૧૮/૦૩/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે મંદિરવાળા રૂમમા દિવો કરીને માળા જપતા હતા ત્યારે દિવો તેઓની ઉપર પડતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૨૩/૨૦૨૬**

નવરંગપુરાઃ ગુલબાઈ ટેકરા પટેલ સોસાયટી પાસે અમીન પી.જે.કે.પી. વિદ્યાર્થી ભવન રૂમ નંબર સી/૪૧૧ ખાતે રહેતી મિસરી ડૉ/ઓ અલ્પેશભાઈ ફીંડોરીયા (ઉ.વ.૧૯) (મુળ રહે.મોટી પાનેલી તા–ઉપલેટા જી–રાજકોટ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૩/૨૦૨૬ સવારના ૭/૨૫ વાગ્યાના સુમારે રહેણાંક રૂમ ખાતે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદકુમાર હમીરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી